સુરત મહાનગરપાલિકા
**કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય**
અઠવાલાઈન્સ, સુરત. ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail:library@suratmunicipal.org

**સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ સુરત મહાનગર પાલિકા સંચાલિત જુદા જુદા જાહેર વાંચનાલયો અને જાહેર પુસ્તકાલયોની જુની પસ્તી (વર્ગ-અ અને વર્ગ-ક) વેચાણથી આપવાના કામે વર્ષિય રેટ કોંન્ટ્રાકટ બાબત**
(બીજો પ્રયત્ન)

**ફોર્મ ફી રૂ.૧૦૦/-** **અર્નેસ્ટ મની રૂ.૧૦૦૦/-**

**કવોટેશન પ્રસિધ્ધ થયા તારીખ : ૩૦/૦૫/૨૦૨૬**

**કવોટેશન ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૧૦/૦૬/૨૦૨૬ (સાંજે ૫.૦૦ કલાક સુધી)**

| | | | |
|---|---|---|---|
| (૧) | કામની વિગત | : | જરુરિયાત મુજબ જુની પસ્તી (વર્ગ-અ અને વર્ગ-ક) વેચાણ |
| (૨) | સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ | : | |
| (૩) | સંસ્થા/પેઢી/ટેન્ડરર નું સરનામુ તથા ટેલિફોન નંબર | : | |
| (૪) | GST નંબર | : | |
| | સેલ્સ ટેક્ષ નંબર | : | |
| (૫) | પ્રોફેસનલ ટેક્સ પહોંચ નંબર | : | |
| (૬) | ફોર્મ ફી | : | ૧૦૦ રૂપિયા ( GST (નોન રીફંડેબલ) સહિત ) |
| (૭) | અર્નેસ્ટ મની ની રકમ | : | ૧૦૦૦ રૂપિયા |
| (૮) | સિકયોરીટી ડીપોઝીટની રકમ | : | ૨૦,૦૦૦ રૂપિયા (પસ્તી ની બે શ્રેણી ના) |
| (૯) | બેંકની વિગત | : | બેંકનું નામ ______________________ |
| | | : | બ્રાંચ____________________________ |
| | | : | એકા.નં.__________________________<br>એકા.ટાઈપ_______________________ |
| (૧૦) | TCS | : | સરકાર માન્ય દર મુજબ ભરવાપાત્ર રહેશે. |
| (૧૧) | ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર નં. અને તારીખ | : | |

| ક્રમ | પસ્તીનો પ્રકાર | પસ્તીનો વર્ગ | વજન | ભરેલ ભાવ |
|---|---|---|---|---|
| ૧ | દૈનિક વર્તમાનપત્રો | | ૧ કિવન્ટલ (૧૦૦ કિલો) | રૂ. |
| ૨ | સામયિકો | "અ" | ૧ કિવન્ટલ (૧૦૦ કિલો) | રૂ. |
| ૩ | જીર્ણ પુસ્તકો | | ૧ કિવન્ટલ (૧૦૦ કિલો) | રૂ. |
| ૪ | પરચુરણ પસ્તી | "ક" | ૧ કિવન્ટલ (૧૦૦ કિલો) | રૂ. |

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- -------------------------------------------
સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ:- ------------------------------------------
પેઢી (ફર્મ) નો સિક્કો:-

**-:શરતો:-**

૧. પસ્તીનો વ્યવસાય કરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરર જ પસ્તી વેચાણ લેવાના ભાવો ભરી શકશે.

૨. સંસ્થા/પેઢી/ટેન્ડરરે પસ્તી વેચાણ લેવાના ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં કિવન્ટલ દીઠ ભરવાના/આપવાના રહેશે.

૩. સંસ્થા/પેઢી/ટેન્ડરરે નીચે મુજબના સ્વપ્રમાણિત/નોટરાઇઝ સર્ટીફિકેટ/આધાર પુરાવા ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.

1. GST રજીસ્ટ્રેશન / સેલ્સ ટેક્ષ સર્ટીફિકેટ
2. સોલવન્સી સર્ટીફિકેટ
3. વ્યવસાય વેરા, મિલકત વેરા ભર્યાની પહોંચ
4. ફોર્મ ફી ભર્યાની પહોંચ
5. બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ/કેન્સલ ચેક
6. પાછલા વર્ષની ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યાની નકલ
7. ૨ (બે) પાસપોર્ટ સાઈઝના ફોટા

૪. ભાવ ભરનાર પેઢી અન્ય કોઈ સરકારી, અર્ધસરકારી કે માન્ય સંસ્થાઓ દ્વારા બ્લેક લીસ્ટ થયેલ નથી તેની ભાવ ભરનાર વેપારીએ બાંહેધરી આપવાની રહેશે આપેલ બાંહેધરી ખોટી માલુમ પડયે નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫. શરતી ટેન્ડર કે ટેન્ડરમાં જણાવેલ રીતથી અલગ રીતે ભરેલ કે ટેન્ડર ની કોઈ શરત કે આઈટમ ના વર્ણન કે સ્પેસીફિકેશનમાં ફેરફાર કરેલુ ટેન્ડર રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહીં.

૬. બાના (ઈ.એમ.ડી.) ની રકમ રુપિયા ૧૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંક નો ડિમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર ભાવ પત્રક સાથે રજુ કરવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર "**સુરત મહાનગરપાલિકા**" ના નામનો હોવો જરુરી છે. આમ ન કર્યેથી ટેન્ડર આપોઆપ રદબાતલ થવાને પાત્ર ગણાશે.

૭. જે સંસ્થા/પેઢી/ટેન્ડરરેનું ટેન્ડર મંજુર થાય તેણે વર્ગીકુત કરેલા પસ્તીના બે શ્રેણી ની સિકયોરીટી ડિપોઝીટ રૂપિયા ૨૦૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) જાણ થયેથી દિન-૭ માં ભરી, પોતાના ખર્ચે આ કામનુ સરકારશ્રીના નિયમ મુજબ ૩૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઊપર કરારનામું કરી આપવાનુ રહેશે. જો તેમ કરવામા કસુર થશે તો તેઓની ઈ.એમ.ડી. જપ્ત કરી આગામી ૧ (એક) વર્ષ માટે તેઓને બ્લેકલિસ્ટ કરવામા આવશે. અને ત્યારબાદ બીજા નંબરના વધુ ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરરને પ્રથમ વધુ ભાવ ભરનારના ભાવથી કામ આપવામાં આવશે.

૮. ટેન્ડરરે પસ્તી અત્રેના વર્કઓર્ડરની તારીખ થી દિન-૩૦ માં જે તે પુસ્તકાલય/વાંચનાલયોના સ્થળ પરથી પોતાના કામદારો અને વાહનો દ્વારા સ્થળ પર યથાસ્થિતિ એ એકત્ર કરી સુરત મહાનગરપાલિકા સંચાલિત / અધિકુત વજનકાંટે ખાલી તથા ભરેલા વાહનનું વજન કરી તે મુજબના નાણાં "**સુરત મહાનગરપાલિકા**" ના નામે ચેક થી જમા કરાવ્યા બાદ જ પસ્તી લઈ જવા દેવામાં આવશે. પસ્તી એ ઝડપથી સળગી શકે તેવી વસ્તુ હોવાને કારણે ટ્રાન્સપોટેશનની સમગ્ર કામગીરી દરમ્યાન ફાયર સેફ્ટીની તકેદારી ટેન્ડરરે રાખવાની રહેશે તેમજ કુદરતી કે માનવસર્જીત કોઈપણ ઘટના/અકસ્માત થાય કે કોઈ વ્યકિત/કર્મચારીને ઈજા પહોંચે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી સંસ્થા/પેઢી/ટેન્ડરરની રહેશે.

૯. જો ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરર સુરત શહેર બહારના હશે તો તેઓએ સુરત શહેરમાં પોતાની ઓફિસ કે સ્થાનિક પ્રતિનિધિ રાખવાના રહેશે જેથી કરીને કામગીરીમાં બિનજરૂરી સમય પસાર ન થાય.

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ------------------------------------------

સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ:- ------------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-

૧૦. શરતોના અર્થઘટન અંગેનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે અને તે બંને પક્ષે બંધનકર્તા રહેશે. ટેન્ડર અંગે જો કોઈ પક્ષે દર દાવો ઉપસ્થિત થાય અને કોઈ કાનુની કાર્યવાહી કરવાની જરૂર જણાય તો તે સુરત કોર્ટને આધિન રહેશે.

૧૧. આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ ટેન્ડર સ્વીકારવુ કે ન સ્વીકારવુ અથવા જે તે વિભાગ માટે ઉંચા ભાવ આપનાર ટેન્ડરરો વચ્ચે વહેંચવુ તે અંગેનો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાનો અધિકાર અબાધિત રહેશે અને તે અંગેના કોઈ કારણ સંસ્થા/પેઢી/ટેન્ડરરને આપવામા આવશે નહીં.

૧૨. પસ્તી જે તે સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ ક્લાક સુધીમાં જોવા મળશે.

૧૩. પેપર, સામયિકો અને પરચુરણ પસ્તીનો ઉપયોગ માત્ર કાગળના માવા બનાવવા માટે જ કરવાનો રહેશે અને તે બાબતનું સર્ટીફિકેટ ગ્રંથપાલશ્રી, કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયને રજુ કરવાનુ રહેશે. જો જાહેર પુસ્તકાલય/વાંચનાલય ના સિકકા વાળુ સાહિત્ય બજારમાં ઉપલબ્ધ થશે તો કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

૧૪. જો પેઢી પ્રોપરાયટરશીપની હોય તો માલિકનું નામ અને જો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોના નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમના મેનેજીંગ ડીરેકટરનું નામ, સરનામાં, ફોન નંબરની વિગતો સાથે આપવી તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં મહાનગરપાલિકા સાથે કરાર કરવાની સત્તા ધરાવતા ઈસમોને જરૂરી અધિકાર પત્ર કંપની તરફથી ઈસ્યુ થયેલ હોવો જોઈએ તેની નકલ આ સાથે આપવાની રહેશે. વિશેષમાં મહાનગરપાલિકા સાથેના વ્યવહારમાં જે આસામી સતત સંપર્કમાં રહી શકે તેના નામ, સરનામાં, ફોન નંબરની વિગતો આપવાની રહેશે.

૧૫. ભાવપત્રક/ટેન્ડરનો વેલીડીટી પિરિયડ પ્રાઈઝબીડ ઓપન કર્યા તારીખથી ૧૨૦ દિવસનો રહેશે. સંસ્થા/પેઢી/ટેન્ડરર દ્વારા ટેન્ડરમાં ભરેલ ભાવ પાછા ખેંચી શકાશે નહીં. અને/અથવા પોતાના તરફે કોઈ નવી શરત રજુ કરી શકશે નહીં. જેનો ભંગ થયેથી સંસ્થા/પેઢી/ટેન્ડરરનું ટેન્ડર રદ બાતલ થવા પાત્ર રહેશે તેમજ ટેન્ડરરે જમા કરાવેલ ડિપોઝીટ ની રકમ સહિતની સઘળી જમા રકમ જપ્ત થવા પાત્ર રહેશે.

૧૬. સફળ સંસ્થા/પેઢી/ટેન્ડરર પોતાનો ઈજારો/પરવાનો બીજા પેટા ઈજારદારને તબદીલ કરી શકશે નહીં. જો તેમ કરશે તો ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરી, તેઓને બ્લેકલિસ્ટ કરવામા આવશે.

૧૭. આવેલ ભાવો પરત્વે જો વાટાઘાટની જરૂરિયાત જણાય તો વાટાઘાટની પદ્ધતિ સુરત મહાનગરપાલિકા નક્કી કરે તે મુજબ ભાવ ભરનાર સંસ્થા/પેઢી/ટેન્ડરરને બંધનકર્તા રહેશે અને મંજુર થયેલ ભાવથી વર્કઑર્ડર આપવામા આવે તે રીતે કામ કરવાનુ રહેશે.

૧૮. જે સંસ્થા/પેઢી/ટેન્ડરરને કામગીરી સોંપવામા આવે તે સંસ્થા/પેઢી/ટેન્ડરરે કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે કોઈપણ સંજોગોમાં અધવચ્ચેથી કામગીરી છોડી દેવામા આવશે કે ઈજારદારને સોંપવામા આવેલી કામગીરીની મનાઈ કરે/કરવા અસક્ષમ બને તો તેઓએ ભરેલી સિકયોરીટી ડિપોઝીટ કોઈપણ સંજોગોમા પરત મળશે નહીં તથા ડિફોલ્ટ થનાર સંસ્થા/પેઢી/ટેન્ડરર આગામી ૫ (પાંચ) વર્ષ સુધી સદર વિભાગની પસ્તી/રદ્દી અંગેની કોઈપણ કામગીરી માટે માન્ય રહેશે નહીં.

૧૯. સફળ ઈજારદારે પોતાનો પાર્ટી કોડ જનરેટ કરાવવાનો રહેશે જે માટે જરૂરી ડોકયુમેન્ટ અત્રેની ક્ચેરી દ્વારા મંગાવવામાં આવે તે રીતે આપવાના રહેશે.

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી, વંચાવી છે. સમજી છે જે મને અને મારા ભાગીદારને બંધનકર્તા છે અને રહેશે.

**(નોંધ : ઉક્ત જણાવેલ કામે ઉપરોક્ત સરનામા પરથી ભાવપત્રકનુ ફોર્મ તેમજ તેની શરતો નીયત ફી ભર્યેથી મેળવવાના રહેશે.)**

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- -----------------------------------------

સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ:- -----------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-

# <u>ચેક લિસ્ટ</u>

| ક્રમ નં. | વિગત | √- ખરા ની નિશાની કરવી |
|---|---|---|
| ૧ | GST રજીસ્ટ્રેશન / સેલ્સ ટેક્ષ સર્ટીફિકેટ (સ્વપ્રમાણિત/ નોટરાઇઝ) | |
| ૨ | સોલવન્સી સર્ટીફિકેટ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૩ | વ્યવસાય વેરા ભર્યાની પહોંચ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૪ | મિલકત વેરા ભર્યાની પહોંચ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૫ | ફોર્મ ફી ભર્યાની પહોંચ | |
| ૬ | બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ/કેન્સલ ચેક | |
| ૭ | પાછલા વર્ષની ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યાની નકલ (સ્વપ્રમાણિત/નોટરાઇઝ) | |
| ૮ | ૨ (બે) પાસપોર્ટ સાઈઝના ફોટા | |
| ૯ | દરેક પાના ઉપર સહી અને સિક્કો | |
| ૧૦ | બાના (ઈ.એમ.ડી.) ની રકમ રુપિયા ૧૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંક નો ડિમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર | |

સંસ્થા/પેઢી/ટેન્ડરર ની સહી:- ------------------------------------------

સંસ્થા/પેઢી/ટેન્ડરર નું નામ:- ------------------------------------------

પેઢી (ફર્મ) નો સિક્કો:-